# ઉન્દલૂસ અને પશ્ચિમની સ્થાપત્ય-કળા અને ઈમારતો

ઉન્દલૂસ (સ્પેન)માં મુસલમાનોની સ્થાપત્ય-કળાનો સમયગાળો આશરે સાતસો વર્ષ પર ફેલાયેલો છે, જે આઠમી સદી ઈસ્વીમાં જામેઅ-કર્તબા (કોર્ડોબા મસ્જિદ)ના નિર્માણના આરંભથી લઈને પંદરમી સદી ઈસ્વીમાં ગરનાતા (ગ્રેનાડા)ના અલ-હુમરા મહેલના નિર્માણ-કાર્ય સમાપ્ત થવાના સમયગાળા પર વ્યાપ્ત છે. આ દરમ્યાન સેંકડો ઈમારતો, જેમ કે બાથરૂમો, મહેલો, મસ્જિદો, મકબરાઓ, પાઠશાળાઓ અને પુલ વગેરે બન્યા, જેની જો વિગતો લખવામાં આવે તો એક દળદાર પુસ્તક તૈયાર થઈ જાય.

સ્પેનમાં મુસલમાનોની સ્થાપત્ય-કળાનો જો અભ્યાસ કરવામાં આવે તો એ વાત સમજમાં આવી જવી જોઈએ કે અહીંના મુસલમાન શાસકો અને પ્રજાની બહુમતી પ્રાચીન સભ્યતાનું આંધળું અનુકરણ કરવાનો સ્વીકાર કરતા નહોતા, બલ્કે અહીં એક નવીન સંસ્કૃતિએ જન્મ લીધો હતો અને તેના પરિણામે એક નવીન સમાજ અસ્તિત્વમાં આવ્યો હતો. આ નવીન સંસ્કૃતિના અવશેષો તેમના સ્થાપત્યની દરેક શૈલી અને પદ્ધતિમાં ઝળકે છે. સ્પેનની કેટલીક યાદગાર ઈમારતો આ છે :

**જામેઅ મસ્જિદ કર્તબા :** આ મસ્જિદના નિર્માણનો વિચાર અમીર અબ્દુર્રહમાન પ્રથમ (અર્થાત્ અલ-દાખિલ) (૭૫૬-૭૮૮)ને સૌથી પહેલા એ વખતે આવ્યો, જ્યારે તેણે એક તરફ આંતરિક કાવતરાઓ પર કાબૂ મેળવી લીધો અને બીજી તરફ બાહ્ય જોખમોના નિર્મૂલનનો પણ યોગ્ય બંદોબસ્ત કરી લીધો. તેણે પોતાના અવસાનથી માત્ર બે વર્ષ પહેલા આનું કામ શરૂ કરાવ્યું. અમીર એમ ઇચ્છતો હતો કે મસ્જિદને ઉમવી જામેઅ મસ્જિદ-દમાસ્કસ જેવી બનાવીને સ્પેનવાસીઓ અને પશ્ચિમવાસીઓને એક કેન્દ્ર પ્રદાન કરે. આ જ કારણ હતું કે આના નિર્માણનું નિરીક્ષણ તેણે પોતે કર્યું.

મસ્જિદની બહારની ચાર દીવાલો એટલી ઊંચી અને મજબૂત હતી કે તે શહેરના કિલ્લાની જેમ દેખાતી હતી. મસ્જિદની છત ઘણા સ્તંભો પર આધારિત હતી, જેની ગોઠવણી કંઈક એ પ્રકારની હતી કે તેના ક્રમથી બંને તરફ અસંખ્ય સમાંતર રસ્તાઓ બની ગયા હતા. આ સ્તંભો પર ખૂબ જ આકર્ષક ઘોડાઓની નાળ જેવી મેહરાબો (કમાનો, Horseshoe Arches) બનેલી હતી. આ મેહરાબો ન માત્ર આ ભવ્ય મસ્જિદની વિશિષ્ટતા હતી, બલ્કે સ્પેનીશ સ્થાપત્યની ઓળખ બની ગઈ હતી. જામેઅ કર્તબાના આ સ્તંભો પર બબ્બે મેહરાબો બનેલી હતી, અર્થાત્ એક મેહરાબ પર બીજી મેહરાબ ચઢાવીને તેને છતથી મેળવી દેવામાં આવી છે. આ મેહરાબો પર ક્યાંક-ક્યાંક ગુંબદો બનાવવામાં આવ્યા હતા, જેમાંથી કેટલાક હજુ સુધી બાકી છે. છત જમીનથી ત્રીસ ફૂટ જેટલી ઊંચી હતી, જેના કારણે મસ્જિદમાં હવા અને પ્રકાશ સરળતાથી આવી શકતા હતા. છત પર ૨૮૦ ઝગમગતા તારાઓ બનાવવામાં આવ્યા હતા, જેમાંથી અંદરના ભાગના ચોકના તારાઓ વિશુદ્ધ ચાંદીના હતા. તે ઉપરાંત, છત વિભિન્ન લાકડાની પેનલોથી સુશોભિત હતી. પ્રત્યેક પેનલ પર નક્શ-નિગારની શૈલી જુદી-



www.uzairfalahi.com

જુદી હતી. મસ્જિદના મધ્યમાં તાંબાનું એક મોટું ઝુમ્મર લટકેલું હતું, જેમાં એકી સાથે એક હજાર દીપકો સળગતા હતા. વિશેષ ચોકના દરવાજા પર સોનાની કારીગરી કરવામાં આવી હતી, જ્યારે કે મેહરાબ અને તેનાથી અડીને આવેલ દીવાલ સોનાની હતી. સંગેમરમરના સ્તંભોથી તેનું સુશોભન કામ ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

અબ્દુર્રહમાન અલ-દાખિલ પછી અમીર હિશામ પ્રથમ (૭૮૮-૭૯૬) સત્તા-સિંહાસને બેસ્યો. તેણે પણ આ મસ્જિદના નિર્માણ અને વિસ્તરણનું કામ ચાલુ રાખ્યું. તેણે તો પોતાના શાસન-કાળના સાત વર્ષોમાં તમામ માલે-ગનીમતનો પાંચમો ભાગ મસ્જિદના નિર્માણ પર ખર્ચ કરી નાખ્યો. આ ભવ્યાતિ-ભવ્ય મસ્જિદનો એક ભવ્ય મિનાર, જે ચોતરફી હતો, તેના જમાનામાં નિર્માણ પામ્યો. આ મિનારની ગણના જગતની અજાયબીઓમાં થતી હતી.

હકીકત તો એ છે કે આ એ જમાનાની અદ્વિતીય મસ્જિદના નિર્માણને પરિપૂર્ણ કરવામાં મહિનાઓ અને વર્ષો નહીં, બલ્કે સદીઓ લાગી ગઈ. દરેક અમીરે પોતાની શક્તિ અને રુચિ અનુસાર તેના પર લખલૂટ ખર્ચ કર્યો. હજારો મજૂરો અને સેંકડો કારીગરોએ આ મસ્જિદના નિર્માણ અને સુશોભનમાં પોતાના લોહી-પરસેવાને એક કરી નાખ્યો, ત્યારે તેને એ સ્થાન પ્રાપ્ત થયું જે ખૂબ ઓછી ઈમારતોને પ્રાપ્ત છે.

**મદીનતુઝ્-ઝહરાનું નિર્માણ :** આને અબ્દુર્રહમાન નાસિરે હિજરી ૩૨૫માં બનાવ્યું. તેણે તેના નિર્માણ માટે આફ્રિકા, રોમ અને કુસ્તુનતુનિયા (કોન્સ્ટન્ટટિનોપોલ)થી સંગેમરમર મંગાવ્યો. તેનાથી તેણે મોનિસ મહેલ બનાવ્યો, જેનો હોજ સંગેમરમરનો હતો અને તેમાં સજીવ પ્રાણીનું ચિત્ર બનાવવામાં આવ્યું હતું, જે ઈસ્લામમાં તદ્દન હરામ છે.

ટૂંકમાં, આના પર તેણે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો. તેનું નિર્માણ-કાર્ય ચાળીસ વર્ષ સુધી ચાલુ રહ્યું, પચ્ચીસ વર્ષ તેના જીવનના અને પંદર વર્ષ તે પછી. દરરોજ દસ હજાર મજૂરો કામ કરતા હતા. તેમાં શાહી પરિવારના અધિકારીઓના મોટા-મોટા મહેલો અને નોકર-ચાકરોના મકાનો અને સરકારી કાર્યાલયો હતા. તેમાં એક પ્રાણી-સંગ્રહાલય પણ હતું, જેમાં વિવિધ પશુ-પ્રાણીઓ ફર્યા કરતા હતા અને શહેરના લોકો અહીં હરવા-ફરાવા અને મનોરંજન માટે આવતા હતા.

'મદીનતુઝ્-ઝહરા'ના મહેલોનું નિર્માણ-કાર્ય સમાપ્ત થઈ ગયા પછી લોકોએ ખલીફાને અભિનંદન આપ્યા. જુમ્આનો દિવસ હતો. મસ્જિદમાં બધા લોકો નમાઝ માટે એકત્ર થયા હતા. કાઝી મન્ઝરે ખુત્બો (સંભાષણ) આપ્યો અને આ ખુત્બામાં અબ્દુર્રહમાનના આ અપવ્યયની નિંદા કરી અને ખરું-ખોટું કહ્યું. કાઝી મન્ઝર ખૂબ સાહસી કાઝી હતા. તેઓ સત્ય વાત કહેવાથી કદી સંકોચ કરતા ન હતા. અબ્દુર્રહમાન પણ એક ન્યાયી શાસક



www.uzairtalahi.com

હતો અને તેણે કાઝી મન્ઝર જેવા વ્યક્તિને કાઝી એટલા માટે જ નિયુક્ત કર્યા હતા કે તેઓ ન્યાય અને ઈન્સાફથી કામ લેવામાં કોઈનાથી ન ડરે. એટલા માટે તેણે કાઝી સાહેબની વાતો ધીરજથી સાંભળી, પોતાની ભૂલનો સ્વીકાર કર્યો અને રડવા લાગ્યો.

**અલ-હુમરાના મહેલનું નિર્માણ :** સ્થાપત્ય-કળામાં ગરનાતાના સુલતાનો અને કારીગરોની સૌથી શાનદાર યાદગાર અલ-હુમરા છે. આ મહેલ અને તેના બગીચાઓ જન્નતુલ-મઆરિફ કહેવાય છે, જે સ્પેનના મુસલમાનોની કળા-કારીગરીનો ઉત્કૃષ્ટ નમૂનો છે. ભારતની પ્રાચીન ઈમારતોમાં જે સ્થાન તાજમહેલનું છે, તદ્દન એ જ સ્થાન સ્પેનમાં 'અલ-હુમરા'ને પ્રાપ્ત છે. આને જોવા માટે આજે પણ સમગ્ર દુનિયામાંથી પ્રવાસીઓ ગરનાતા આવે છે અને તેને બનાવવાવાળા શિલ્પીઓ અને કારીગરોની પ્રશંસા કરતાં પાછા ફરે છે.

પશ્ચિમના શહેરોના મુખ્ય સ્થાપત્ય કેન્દ્રો અશ્બિલયાહ (ઈશબિલ્લા), મોરોક્કો, ગરનાતા (ગ્રેનાડા) અને રફાસ (ફૈઝ) છે. આ ઉપરાંત પશ્ચિમના શહેરોમાં ઈસ્લામી સંસ્કૃતિની અનેક યાદગાર ઐતિહાસિક ઈમારતો છે.

## ફાતમી શાસન-કાળનું સ્થાપત્ય અને ઈમારતો :

ફાતમીઓએ પણ અનેક સ્થાપત્ય અવશેષો છોડ્યા છે, જેમાંથી કેટલાક આ પ્રમાણે છે :

**કાહિરાનું નિર્માણ :** જ્યારે જૌહર અસ્-સકલીએ હિજરી ૩૮૫માં ફુસ્તાત શહેર પર કબજો કર્યો, તો તેણે કાહિરા (આજનું કેરો) શહેરને આબાદ કરવાની યોજના બનાવી. આનો નક્શો શરૂ-શરૂમાં વર્તુળાકાર હતો અને તેનો પરિઘ ૧૩૪૦ એકર હતો. શહેરના કિલ્લાની દીવાલો પાકી ઈંટોની બનેલી હતી. શહેરના મધ્યમાં બે મહેલો હતા, જેમાંથી એક પૂર્વનો મોટો મહેલ અને બીજો પશ્ચિમી નાનો મહેલ હતો. આ બંને મહેલોના વચ્ચે લશ્કરની પરેડ માટે મોટું મેદાન હતું. આ ફાતમી સલ્તનતની રાજધાની હતી. શહેરના કિલ્લામાં અસંખ્ય લોખંડી દરવાજાઓ હતા, જેમાંથી બે દરવાજાઓ આજે પણ બાકી છે. આ શહેર ફાતમી સલ્તનતના યુદ્ધકીય નિર્માણ-કળાની મહત્ત્વની યાદગાર છે.

**જામેઅ અઝહર :** કાહિરાની આ મસ્જિદ હિજરી ૨૬૩ થી હિજરી ૨૬૫ ના દરમ્યાન નિર્માણ પામી હતી, પરંતુ તેનો મિનાર હિજરી ૬૯૬ નું નિર્માણ છે. આ મસ્જિદ ઈજિપ્ત અને ઈસ્લામી જગતમાં મુસલમાનોના આરંભિક સ્થાપત્ય-કળાની મુખ્ય યાદગાર છે.

**ફાતમીઓના મહેલો :** ફાતમીઓએ અનેક મહેલો બનાવ્યા. તેમાંથી અમુક આ પ્રમાણે છે :

**૧ – પૂર્વનો મહેલ :** આ મહેલને જૌહર અસ્-સકલીએ ફાતમી હાકેમ અલ-મુઈઝ માટે બનાવ્યો હતો, તેથી



www.uzairfalahi.com

તેને 'મહલ મુઅર્રી' પણ કહે છે. મશહૂર છે કે આમાં ચાર હજાર ઓરડાઓ અને અસંખ્ય દરવાજાઓ છે.

**૨ – પશ્ચિમી મહેલ :** આને હાકેમ અલ-અઝીઝ બિલ્લાહે બનાવ્યો હતો.

આમ, આપણને ખ્યાલ આવે છે કે ફાતમીઓએ મહેલોના નિર્માણમાં અઢળક ખર્ચ કર્યો હતો.

www.uzairfalahi.com